પુરુષોની સૌથી શ્રેષ્ઠ સફ, પહેલી સફ છે અને અત્યંત ખરાબ સફ છેલ્લી સફ છે, જ્યારે કે સ્ત્રીઓની સૌથી શ્રેષ્ઠ સફ છેલ્લી સફ છે અને સૌથી ખરાબ સફ પહેલી સફ છે

અબૂ હુરૈરહ રઝી અલ્લાહુ અન્હુ (અલ્લાહ તેમનાથી રાજી થાય) રિવાયત કરે છે, તેઓએ કહ્યું: નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ (તેમના પર દરૂદ અને સલામતી થાય)એ કહ્યું: «પુરુષોની
સૌથી શ્રેષ્ઠ સફ, પહેલી સફ છે અને અત્યંત ખરાબ સફ છેલ્લી સફ છે, જ્યારે કે સ્ત્રીઓની સૌથી શ્રેષ્ઠ સફ છેલ્લી સફ છે અને સૌથી ખરાબ સફ પહેલી સફ છે».
[સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [આ હદીષને ઈમામ મુસ્લિમ રહિમહુલ્લાહએ રિવાયત કરી છે]

આ હદીષમાં નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ (તેમના પર દરૂદ અને સલામતી થાય)એજણાવ્યું કે પુરુષોની નમાઝમાં સૌથી શ્રેષ્ઠ, સવાબ અને મહત્ત્વતામાં વધારે સફ પહેલી સફ છે; કારણકે તેઓ ઈમામ (નમાઝ પઢાવનાર)ની ખૂબ જ નજીક હોય છે, તેની તિલાવત સાંભળે છે, અને સ્ત્રીઓથી ખૂબ જ દૂર હોય છે, અને પુરુષોની સૌથી ખરાબ અને સવાબમાં ખૂબ જ ઓછી, અને શરીઅતની માંગથી દૂર છેલ્લી સફ છે, અને સ્ત્રીઓની સૌથી શ્રેષ્ઠ સફ છેલ્લી સફ છે; કારણકે તેણીઓ પડદા પાછળ અને પુરુષો સાથે ભેગી થવાથી, ફિતના અને બુરાઈમાં સપડાવવાથી ખૂબ જ દૂર હોય છે, અને સૌથી ખરાબ સફ પહેલી સફ છે; કારણકે તેણીઓ પુરુષોની નજીક હોય છે, અને ફિતનામાં સપડાઈ શકે છે.

http://www.sunnah.global/hadeeth/gu/show/11299